**અગ્રતા ક્રમાંક : ૮ પ્રશ્ન ક્ર: ૧૫/૪/૫૯૫**

**મુળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી. – શ્રી શૈલેષભાઈ સુમનભાઈ ભાભોર(લીમખેડા)**

**"દાહોદ જિલ્લામાં કાર્યરત જિલ્લા રમત સંકુલ"**

**પૂરક પ્રશ્ન પૂછનાર માન.ધારાસભ્યશ્રી:– શ્રી શૈલેષભાઇ ભાભોર, લીમખેડા**

**પૂરક પ્રશ્ન–(૧):** દાહોદ જિલ્લામાં રમત–ગમતને લગતી જે યોજનાઓ કાર્યરત છે તેમાં હાલ કેટલા ખેલાડીઓ લાભ લઈ રહ્યા છે? લાભ લીધેલ ખેલાડીઓએ રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાએ કોઈ મેડલ મેળવેલ છે? જો હા, તો કેટલા મેડલ મેળવેલ છે?

જવાબ:– માન.અધ્યક્ષશ્રી,

- દાહોદ જિલ્લામાં **ઈનસ્કુલ યોજના** હેઠળ **કુલ ૯ શાળાઓ** કાર્યરત છે. જેમાં કુલ **૪૭૩૯ ખેલાડીઓ** ઈનસ્કુલ યોજનાનો લાભ લઈ રહ્યા છે.
- દાહોદ જિલ્લામાં **ડી.એલ.એસ.એસ. યોજના** હેઠળ દેવગઢ બારીઆ ખાતે શ્રી એસ. આર. હાઈસ્કૂલ શાળામાં કુલ **૬ રમતમાં ૨૬૦ ખેલાડીઓ** ડી.એલ.એસ.એસ. યોજનાનો લાભ લઈ રહ્યા છે.
- દાહોદ જિલ્લામાં **સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધક કેન્દ્ર (સેન્ટર ઓફ એક્સલન્સ) યોજના** હેઠળ રાજ્યકક્ષાની નિવાસી એકેડમીમાં હોકી અને એથ્લેટિક્સ રમતમાં કુલ ૭૬ અને સ્વામી વિવેકાનંદ બિન–નિવાસી પ્રતિભા સંવર્ધન કેન્દ્રમાં ૪ ખેલાડીઓ આમ કુલ **૮૦ ખેલાડીઓ** યોજનાનો લાભ લઈ રહ્યા છે.
- ઈનસ્કુલ, ડી.એલ.એસ.એસ. અને સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધક કેન્દ્ર (સેન્ટર ઓફ એક્સલન્સ) આમ ત્રણેય યોજનામાં કુલ **૫૦૭૯ ખેલાડીઓ** લાભ લઈ રહ્યા છે.
- દાહોદ જિલ્લામાં ઈનસ્કુલ, ડી.એલ.એસ.એસ. અને સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધક કેન્દ્ર (સેન્ટર ઓફ એક્સલન્સ)માં લાભ મેળવતા ખેલાડીઓએ છેલ્લા બે વર્ષમાં રાજ્યકક્ષાએ **૫૫ ગોલ્ડ, ૩૩ સિલ્વર** અને **૩૯ બ્રોન્ઝ** મળીને કુલ **૧૨૭ મેડલ** મેળવેલ છે.

- દાહોદ જિલ્લામાં ઈનસ્કુલ, ડી.એલ.એસ.એસ. અને સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધક કેન્દ્ર (સેન્ટર ઓફ એકસલન્સ)માં લાભ મેળવતા ખેલાડીઓએ છેલ્લા બે વર્ષમાં રાષ્ટ્રકક્ષાએ **૧૮ ગોલ્ડ, ૧૫ સિલ્વર** અને **૨૪ બ્રોન્ઝ** મળીને કુલ **૫૭ મેડલ** મેળવેલ છે.
- **આંતર રાષ્ટ્રીય કક્ષાએ** વર્ષ ૨૦૨૨માં કોહીમા,નાગાલેંડ ખાતે યોજાયેલ એથ્લેટીક્સ રમતની સ્પર્ધા – **"સાઉથ એશિયન ઈન્ટરનેશનલ ક્રોસ કન્ટ્રી (અન્ડર–૨૦)"** માં સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધક કેન્દ્ર (સેન્ટર ઓફ એકસલન્સ)ની ખેલાડી **દ્રષ્ટિ ચૌધરીએ ભાગ લઈ ૧ (એક) ગોલ્ડ મેડલ એથ્લેટીક્સ(૬ કીમીની ટીમ ઈવેન્ટ)માં મેળવેલ છે.**